દૈનિક ભાસ્કર સમૂહ | 3 ભાષાઓ | 12 રાજ્ય 61 સંસ્કરણ

# દિવ્ય ભાસ્કર

divyabhaskar.com | સુરત, મંગળવાર, 30 જાન્યુઆરી, 2024



દૈનિક ભાસ્કર મધ્યપ્રદેશ | છત્તીસગઢ | રાજસ્થાન | નવી દિલ્હી | પંજાબ | ચંદીગઢ | હરિયાણા | હિમાચલ પ્રદેશ | ઝારખંડ | બિહાર દિવ્ય ભાસ્કર ગુજરાત | મહારાષ્ટ્ર દિવ્ય મરાઠી મહારાષ્ટ્ર

### હાલમાં પીઆઈ તરલ ભટ્ટ સહિત ત્રણેય આરોપી ગીરના જંગલોમાં જ ક્યાંક છુપાવા હોવાની આશંકા

# જૂનાગઢ તોડકાંડમાં PI તરલ ભટ્ટ સહિતના આરોપી વિદેશ ભાગે નહીં તે માટે ઈમિગ્રેશનને જાણ કરાઈ

ક્રાઈમ રિપોર્ટર | અમદાવાદ

જૂનાગઢ તોડકાંડના આરોપી PI તરલ ભટ્ટ, PI એ.એમ.ગોહિલ તેમજ ASI દિપક જાની વિદેશ ભાગી ન જાય તે માટે પોલીસે ઈમિગ્રેશન વિભાગને જાણ કરી છે. આ સાથે ત્રણેયના ફોટા સહિતની વિગતો પણ પૂરી પાડી છે. જ્યારે બીજી બાજુ આ ત્રણેય પોલીસ અધિકારી ગીરના જંગલોમાં છુપાયા હોવાની આશંકા છે. જેથી એટીએસ તેમને પકડવા માટે જૂનાગઢ પહોંચી છે.

એટીએસની ટીમે ભોગ બનનાર કેરળના કુંજતુર કાર્તિકને નિવેદન લખાવવા માટે બોલાવ્યા હતા. જેથી સોમવારે એટીએસની ઓફિસે આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતુ. જ્યાં તેમનું નિવેદન લેવાયું હતુ. કુંજતુર કાર્તિક પાસેથી પોલીસે તેના બેંક એકાઉન્ટની તમામ માહિતી મેળવી હતી. જ્યારે બીજી બાજુ


▪ તરલ ભટ્ટ


▪ ગોહિલ


▪ દિપક જાની

એટીએસની એક ટીમ તપાસ માટે જૂનાગઢ પણ પહોંચી છે. જ્યારે અન્ય એક ટીમ તરલ ભટ્ટ, એ.એમ.ગોહિલ તેમજ દિપક જાનીના ઘર તેમજ સંભવિત આશ્રય સ્થળો ઉપર તપાસ કરી રહી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓનું કહેવુ છે કે, તરલ ભટ્ટ ક્રિકેટ સટ્ટાના આરોપીઓના સંપર્કમાં હતો. તે આરોપીઓ હાલમાં દુબઈ, શ્રીલંકામાં સ્થયી છે. જેથી તરલ ભટ્ટ દુબઈ અથવા તો શ્રીલંકા ભાગી જાય તેવી શકયતા છે. જો કે હજુ સુધી ત્રણમાંથી એક પણ પોલીસ અધિકારી વિદેશ ગયા નહીં હોવાનું પોલીસનું કહેવુ છે.

## ધમકી આપીને લાખો પડાવ્યાનું તપાસમાં આવ્યું

માધુપુરામાંથી પકડાયેલા 2500 કરોડના ક્રિકેટ સટ્ટામાં પીસીબીને 10 હજાર બેંક ખાતા મળ્યા હતા. જેમાંથી અમુકમાંથી પૈસા દુબઈ ટ્રાન્સફર કરાયા હતા. આવા 3 ખાતેદારને તત્કાલિન પીસીબી PI તરલ ભટ્ટે બોલાવીને તેમને ક્રિકેટ સટ્ટામાં આરોપી બનાવવાની ધમકી આપીને 2 પાસેથી 20 -20 લાખ અને એક પાસેથી 15 લાખ પડાવ્યા હતા. આમ 3 જણાંને ક્રિકેટ સટ્ટામાં આરોપી નહીં બતાવવા તરલ ભટ્ટની મંડળી એ 55 લાખ પડાવ્યાનો રિપોર્ટ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ડીજીપીને કર્યો છે.

માધુપુરા ક્રિકેટ સટ્ટાની તપાસ માટે તત્કાલિન પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવે ડીસીપી ભારતી પંડયાના વડપણ હેઠળ સીટની રચના કરી હતી. જેમાં પીસીબી PI તરલ ભટ્ટ પણ હતા. ક્રિકેટ સટ્ટામાં જે બેંક એકાઉન્ટનો ઉપયોગ થયો હતો તે બેંક એકાઉન્ટ ધારકોને બોલાવીને તોડ કરવાનું શરૂ થયું હતું. સંખ્યાબંધ લોકો પાસેથી તરલ ભટ્ટ અને મંડળીએ એકાઉન્ટ અન અનફ્રિઝ કરવા તેમજ ક્રિકેટ સટ્ટામાં આરોપી નહીં બનાવવા કરોડો રૂપિયા પડાવી લીધા હતા. જેમાં 2 ખાતેદારને ક્રિકેટ સટ્ટામાં આરોપી ન બનાવવા 20 - 20 લાખ લીધા હતા, જ્યારે એક ખાતેદાર પાસેથી 15 લાખ લઈ લીધા હતા. જો કે 15 લાખનો વ્યવહાર થયો તે જ સમયે આ કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલને સોંપાતા તે ખાતેદારને 15 લાખ પાછા આપી દીધા હતા. આ ત્રણેય ખાતેદારના સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે નિવેદન લીધા હતા અને તેમણે તરલ ભટ્ટ અને મંડળીને પૈસા આપ્યા હોવાના પૂરાવા પણ આપ્યા હતા. પૂરાવા સાથેનો એક રિપોર્ટ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સોમવારે ડીજીપી વિકાસ સહાયને સોંપ્યો હતો.

### ટ્યુશનથી પરત ફરતી બાળકીને હુજેફા રિક્ષામાં બેસાડી લઈ ગયો હતો

# છેડતીની સજા કાપતા કેદીને અન્ય સગીરાના રેપમાં 20 વર્ષની સજા

## બાળકીને વળતર પેટે દોઢ લાખ રૂપિયા ચૂકવવા કોર્ટનો હુકમ

લીગલ રિપોર્ટર | સુરત

રાંદેરવિસ્તારમાં રહેતી આઠ વર્ષની બાળા સાથે બળાત્કાર ગુજારનારા આરોપી હુજેફા રફીક બટલરને કોર્ટે 20 વર્ષની કડક સજાનો હુકમનો હુકમ કર્યો હતો. સજા વખતે આરોપી દસ વર્ષની બાળકી સાથે છેડતીના અન્ય એક કેસમાં પાંચ વર્ષની સજા કાપતો હોય કોર્ટે નોંધ્યુ હતુ કે પાંચ વર્ષની સજા પુરી થાય ત્યારબાદ આરોપીએ 20 વર્ષની સજા કાપવાની રહેશે. સરકાર તરફે એપીપીની દલીલ હતી કે આરોપી ગુનાહિત અને વિકૃત માનસિકતા ધરાવે છે તેને હળવી સજા કરી શકાય નહીં.

રાંદેર પોલીસ મથકમાં તા. 22મી જુન, 2023ના રોજ નોંધાયેલી ફરિયાદીની હકિકત મુજબ 33 વર્ષીય આરોપી હુજેફા બટલર કે જે બે દિકરીઓનો બાપ છે તેણે ટયુશનથી પરત ફરતી આઠ વર્ષની બાળાને ‘ મારી મમ્મી બોલાવે છે’ એમ કહીને રિક્ષામાં બેસાડી હતી અને એક સોસાયટીની નજીક લઈ જઈ રિક્ષા આડી ઊભી રાખી બાળકી સાથે અડપલાં કર્યા હતા.આરોપી આગળ વધે એ અગાઉ બાળકીએ બુમો પાડતા આરોપી બાળકીને રિક્ષામાં બેસાડી ત્યાથી લઇ ગયો હતો અને રસ્તા ઉતારી બાળકીને આ વાત કોઈને કહેતી નહીં એવી ધમકી આપી હતી. હેબતાયેલી બાળકી ઘરે પહોંચતા માતાને કશુક અજુગતુ થયુ હોવાનો અંદાજો આવી ગયો હતો આથી બાળકીને પોતાની પાસે બેસાડી વિશ્વાસમાં લઈ પુછતા બાળકી રડતા-રડતા સમગ્ર હકિકત જણાવી હતી.

આથી આરોપી સામે ગુનો નોંધાયો હતો અને તેની ધરપકડ કરી કોર્ટમાં ન્યાયિક પ્રક્રિયા પુરી કરવામાં આવી હતી. કોર્ટે પોતાના ચુકાદામાં બાળકીને વળતર પેટે રૂપિયા દોઢ લાખ આપવાનો પણ હુકમ કર્યો હતો.

### વેપારી તુષાર શાહને જામીન છતાં રિમાન્ડ પર રાખવાનો કેસ

# રાજ્યમાં ન્યાયિક મેજિસ્ટ્રેટને યોગ્ય તાલીમ આપવા સુપ્રીમકોર્ટની ટકોર

ભાસ્કર ન્યૂઝ | નવી દિલ્હી

આગોતરા જામીન મંજૂર કરાયેલા વેપારીના પોલીસ રિમાન્ડને “સૌથી ગંભીર અવમાનના” ગણાવતા સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી કે તે ગુજરાત હાઈકોર્ટને મેજિસ્ટ્રેટને યોગ્ય તાલીમ આપવાનું કહેશે. ગુજરાત સ્થિત ઉદ્યોગપતિના પોલીસ રિમાન્ડ મામલે નારાજગી વ્યક્ત કરતા સુપ્રીમ કોર્ટે ગત 10મી જાન્યુઆરીના દિવસે કેટલાક પોલીસ અધિકારીઓ તેમજ સુરતના ન્યાયિક મેજિસ્ટ્રેટને તે વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવેલી તિરસ્કારની અરજી પર નોટિસ પાઠવવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટને જાણ કરવામાં આવી હતી કે તેણે ગત 8 ડિસેમ્બરના રોજ અરજદાર તુષારભાઈ રજનીકાંતભાઈ શાહને આગોતરા જામીન મંજૂર કર્યા હતા.

પરંતુ તેમને એક છેતરપિંડીના કેસમાં ગત 13થી 16 ડિસેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. જસ્ટિસ બી આર ગવઈ અને સંદીપ મહેતાની બેન્ચે સોમવારે આ મામલે ફરીથી સુનાવણી હાથ ધરી હતી.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ બેન્ચ સમક્ષ કહ્યું હતું કે તેમના પક્ષ તરફથી ભૂલ થઈ છે. તેમણે કહ્યું કે “આ એવું નથી જેનો બચાવ કરી શકાય છે કે બચાવ કરવો જોઈએ. આ વાસ્તવમાં સ્પષ્ટપણે ભૂલનો મામલો છે. સુપ્રીમકોર્ટની બેન્ચે નોંધ્યું હતું કે ગત 8 ડિસેમ્બર, 2023ના રોજ શાહને આગોતરા જામીન આપવાનો આદેશ સ્પષ્ટ હતો અને તેને મેજિસ્ટ્રેટ અને સંબંધિત પોલીસ અધિકારીઓ સમક્ષ પણ મૂકવામાં આવ્યો હતો. અમારે ગુજરાત હાઈકોર્ટને મેજિસ્ટ્રેટને તેમજ રાજ્ય સરકારને તેમના અધિકારીઓને યોગ્ય તાલીમ આપવાનું કહેવું પડશે. મહેતાએ વધુમાં બેન્ચ સમક્ષ જણાવ્યું હતું કે જે પોલીસ અધિકારીએ સુપ્રીમ કોર્ટના આદેશને ખોટી રીતે વાંચ્યો છે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## બુલડોઝર ન ફરે માટે રામજી મંદિર, મોદી અને યોગીની પ્રતિમા લગાવી

**અંક્લેશ્વર |** ગડખોલ ગામમાં મોહનલાલ ગુપ્તાએ ઘરના ધાબા પર બનાવેલું રામ મંદિર અને પીએમ મોદી અને સીએમ યોગીની પ્રતિમાની સ્થાપનાનો મામલો વિવાદમાં સપડાયો છે. મકાનનું બાંધકામ ગેરકાયદે હોવાની ફરિયાદ બૌડામાં થઈ હતી. મકાન તુટે નહીં માટે મંદિર બનાવાયું હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.

**ગેરકાયદેસર અને અનધિકૃત રીતે સોફ્ટવેરનું વેચાણ કરતા વિક્રેતાઓ અને મળતિયાઓથી સાવધાન**
**જાહેર અને વ્યવસાયિક હિતમાં જારી**

આ લેખનો હેતું, અમારા વ્યવસાયિક મિત્રો જેઓ હીરા ઉત્પાદન ક્ષેત્ર સાથે જોડાયેલા છે તેઓને ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેર વેચનારાઓ તેમજ તેના મળતિયાઓથી જાગૃત કરવાનો એક નમ્ર પ્રયત્ન છે.

હાલમાં અમોની કંપનીના ધ્યાનમાં આવેલ છે કે, અમારી કંપનીના ભૂતપૂર્વ કર્મચારીઓ કે જેઓ સર્વિસ અને મેન્ટેનન્સ એંજીનિયર તરીકે કામ કરતા હતા તેઓએ અમારી કંપનીના કાયદેસરના સોફ્ટવેરને ક્રેક કરી, તેનું અનધિકૃત અને ગેરકાયદેસર વેચાણ કરી રહ્યા છે.

અયોગ્ય અને ગેરકાયદેસર રીતે નાણાકીય લાભો મેળવવા અમારી કંપનીના ભૂતપૂર્વ કર્મચારીઓ અને તેના મળતિયાઓ દ્વારા અમારી કંપનીના અધિકૃત(લાયસન્સ) સોફ્ટવેરની ચોરી કરી તેને અનધિકૃત રીતે વેચવા માટે સોફ્ટવેર લોક (HAPS) સાથે ચેડાં કરી અમારી કંપનીના સોફ્ટવેર ને અધિકૃત સોફ્ટવેર તરીકે તેમજ અધિકૃત વિક્રેતા તરીકે વેચાણ કરતા આવેલ છે. અમોને એવું પણ જાણવા મળેલ છે કે, આવા અનધિકૃત અને ગેરકાયદેસર સોફ્ટવેરનું વેચાણ ખોટા કે ઉપજાવી કાઢેલા બિલો તેમજ બોગસ પેઢીઓના નામે કરાય છે. જેથી સરકારને મળવાપાત્ર ટેક્સની રકમ તેમજ આવા સોફ્ટવેરના વેચાણથી મેળવેલ રકમ દ્વારા તેનો ગેરકાયદેસર પ્રવૃતિઓમાં ઉપયોગ થઈ શકે તેમજ દેશનાં અર્થતંત્રને મોટું નુકશાન પોંહચાડી રહ્યા હોય તેવી અમોને શંકા છે.

તાજેતરમાં આ રીતે ચાલતા સોફ્ટવેરના ગેરકાયદેસર અને અનધિકૃત વિક્રેતાઓ સામે મોટી કાનૂની કાર્યવાહી ચાલી રહી છે. તેમજ ગુનેગારોની ધરપકડ કરી તેમના નેટવર્કની અને મળતિયાઓ અંગે જરૂરી તપાસ ચાલી રહી હોય જેથી આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેરના ખરીદ તેમજ વેચાણ સાથે જોડાયેલા લોકો માટે સંભવિત કાનૂની કાર્યવાહી અંગે તેના પરિણામોની ગંભીરતા દર્શાવે છે.

વ્યાવસાયિક મિત્રો, અહીં એ વાત સમજવાની જરૂર છે કે, આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેર ખરીદવા કરતાં અમો દ્વારા જે અધિકૃત સોફ્ટવેરનું (લાયસન્સ સહિતનું) વેચાણ કરવામાં આવે છે જે અધિકૃત લાયસન્સ સોફ્ટવેર સાથે આવતું હોવાથી તેની માલિકી અંગેના કાનૂની અધિકારો સોફ્ટવેરમાં આવતા નવીનીકરણ તેમજ તે અંગેની જરૂરી સર્વિસ અમોની કંપની તરફથી મળી રહે છે.

અમોની સામાન્ય જનતા અને વ્યવસાયિકોને આવા ગેરકાયદેસર અને અનધિકૃત સોફ્ટવેરને લગતા વ્યવહારોથી દૂર રહેવા તેમજ સજાગ રહવાની નમ્ર અપીલ કરીએ છીએ. ચોરીના માલની ખરીદીના લઘુકાલીન લાભો કેવા પણ હોય આવી ખરીદી ગેરકાનૂની પ્રવૃતિઓને સીધું સમર્થન કરે છે જેથી ખરીદનારાઓ સામે પણ કાનૂની કાર્યવાહી સહિતના મોટા જોખમ ભવિષ્યમાં ઊભા કરે છે.

અમોની કંપની ઉચ્ચતમ નૈતિક મૂલ્યો તેમજ ગ્રાહકોના કલ્યાણ પ્રત્યે પ્રતિબદ્ધ છે. જેથી અમો અમારા અધિકૃત એટલે કે લાયસન્સ સોફ્ટવેરને અને તેની લગતી સેવાઓને અત્યંત વ્યાજબી કિંમતે ઓફર કરીએ છીએ. જેથી અમોના વ્યાવસાયિક મિત્રોને સોફ્ટવેરને લગતા કાનૂની અધિકારો તેમજ એક અધિકૃત સોફ્ટવેર મળે છે. અમારી પ્રતિબદ્ધતા માત્ર કાયદાનું પાલન કરવાની દ્રઢતાપૂર્તિ જ મર્યાદિત નથી પરંતુ અમોનો હેતુ નાના તેમજ મધ્યમ ઉદ્યોગની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તે મુજબની એક ઉચ્ચતમ ગુણવત્તાવાળી સોફ્ટવેર અને સર્વિસિસ આપવાનો રહેલો છે.

ભારત એક વિકાસશીલ દેશ છે અને ભારતને આર્થિક વ્યવસ્થાને વધુ મજબૂત કરવા આપણે ભાગે આવતા જરૂરી એવા ટેક્સને સત્યનિષ્ઠાથી અને જવાબદારીથી ચૂકવ્યે તેમજ આવા ગેરકાયદેસર અને અનધિકૃત રીતે મળતા સોફ્ટવેરને લગતી તકોને નકારી કાયદેસર પ્રવૃતિઓને સમર્થન કરી, સ્વસ્થ આર્થિક વાતાવરણના નિર્માણમાં પોતાનું યોગદાન આપીએ અને આપણે સૌ સાથે મળીને આવા ગેરકાયદેસર અને અનધિકૃત રીતે સોફ્ટવેરનું વેચાણ કરનારાઓ અને તેના મળતિયાઓ સામે સુસંગઠિત થઈ, તેને નકારી આપણા ઉદ્યોગને અને ભવિષ્યને સુરક્ષિત કરીએ.

**વધુ માહિતી આપને નીચે જણાવેલ નંબર પરથી મળી શકશે.**

**OCTONUS SOFTWARE | LEXUS SOFTMAC**

**ફોન : ૯૮૭૯૫ ૮૯૬૮૪.**




**SHOWROOMS: GUJARAT: SURAT:** RENAULT Surat (Dumas Road) Mob: +91 9899284395, RENAULT Adajan Mob: +91 7852867923. **BARDOLI:** RENAULT Bardoli Mob: +91 9711827234. **BHARUCH:** RENAULT Bharuch Mob: +91 9873216491. **NAVSARI:** RENAULT Navsari Mob: +91 9899696757. **VAPI:** RENAULT Vapi Mob: +91 7428190251.